Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net

Volume-11,Issue-4,March-2018

# ઉચ્ચ શિક્ષિત યુવતીઓમાં જીવનસાથીની પસંદગી અંગેના બદલાયેલા ખ્યાલો- એક સમાજશાસ્ત્રીય અભ્યાસ

પરમાર દિપીકા એમ.

પી.એચ.ડી. સ્કોલર, અનુસ્નાત સમાજશાસ્ત્ર વિભાગ,

સરદાર પટેલ યુનિવર્સીટી, વલ્લભ વિદ્યાનગર

સમાજશાસ્ત્ર એ સમાજનો અભ્યાસ કરે છે. સમાજનું અસ્તિત્વ મનુષ્યથી છે. આદિકાળથી જ મનુષ્ય ભટકતું જીવન જીવતો હતો તે ઝાડપાનનો ઉપયોગ કરીને શિકાર કરીને પોતાનું જીવન ગુજારતો હતો. ધીરે ધીરે અનેક શોધો અને વિષયોનું ખેડાણ થયું તેમ તેમ મનુષ્ય અસભ્ય માનવમાંથી સભ્ય સમાજ તરફ પ્રયાણ કરતો ગયો.

ભારતના પરંપરાગત સમાજમાં સ્ત્રી અને પુરૂષ વચ્ચે ભારે અસમાનતા પ્રવર્તતી હતી. સ્ત્રીનું સ્થાન અત્યંત નીચું મનાતું. સમાજ જીવનમાં તેને ઓછા અધિકારો મળ્યા હતા. પરંતુ બ્રિટીશ યુગ દરમિયાન શૈક્ષણિક તકોમાં વધારો થયેલો જોવા મળે છે. તેઓનો શૈક્ષણિક વિકાસ આધુનિકીકરણ, સમાનતા, સ્વતંત્રતા વગેરે પરિબળોની અસર નીચે સ્ત્રીના પરંપરાગત સ્થાનમાં પરિવર્તન આવ્યું. સ્વતંત્ર ભારતમાં સ્ત્રી શિક્ષણમાં વધારો થયો છે. બંધારણે સ્ત્રી – પુરૂષ, સમાનતાનો આદર્શ સ્વીકાર્યો છે. સ્ત્રીઓને સામાજિક, આર્થિક અને રાજકીય જીવનમાં વિવિધ અધિકારો આપતા કાયદા બન્યા છે. આ બધાને કારણે વર્તમાનમાં સ્ત્રીના સ્થાનમાં ઝડપી પરિવર્તન આવેલું જોવા મળે છે.

ઉચ્ચ શિક્ષણને કારણે યુવક યુવતીઓ એકબીજાના સંપર્કમાં આવે છે. તેઓ શિક્ષણ લેવા માટે શહેરમાં જતા થયા છે. પરિણામે સંપર્કમાં વધારો થાય છે.

વર્તમાન સમયમાં શિક્ષણનું પ્રમાણ દિન – પ્રતિદિન વધતું જાય છે. તેમાં યુવાનોની જેમ યુવતીઓ પણ ઉચ્ચ શિક્ષણ મેળવતી થઇ છે. જેથી તેઓ જૂના રૂઢીવાદી મૂલ્યો છોડીને આધુનિક મૂલ્યો સ્વીકારતી થઇ છે, એટલે કે સ્ત્રીઓ હવે પુરૂષ વર્ગની તાબેદારી, પતિ સેવા, વધુ સંતાનોની ઈચ્છાનીયતા વગેરે રૂઢીવાદી મૂલ્યો છોડી રહી છે અને સ્વતંત્રતા, સમાનતા, સ્વપસંદગીના લગ્ન, પુખ્તવયે લગ્ન વગેરે નવા મૂલ્યો અપનાવવા લાગી છે. અને ખાસ કરીને આ બદલાવ શહેરી મધ્યમ વર્ગમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

વ્યક્તિનું સમગ્ર જૂથ જીવન સંસ્થાકીય માળખામાં જીવાય છે. પ્રત્યેક સમાજ જે કંઈ પ્રવૃત્તિ કરે તે તેની સંસ્થાઓ દ્વારા શક્ય બને છે. આ સંસ્થાઓ દ્વારા પ્રત્યેક સમાજના સાંસ્કૃતિક વારસાનું સાતત્ય જળવાઈ રહે છે. જેનાથી સમાજ ટકી રહે છે. ભારતીય સમાજ વ્યવસ્થામાં જોઈએ તો  મુખ્યત્વે કુટુંબસંસ્થા, લગ્ન સંસ્થા, જ્ઞાતિ સંસ્થા, ધાર્મિક સંસ્થા, શિક્ષણ સંસ્થા વગેરે અસ્તિત્વ ધરાવે છે. આ સંસ્થાઓમાં વ્યક્તિઓની પરસ્પર ભૂમિકા અને વર્તનની ઢબ નક્કી કરવાનું કાર્ય કરે છે. આ તમામ સંસ્થાઓ વ્યક્તિના જન્મથી શરૂ કરીને મૃત્યુ સુધી વ્યક્તિ અને સમૂહોનું સામાજીકરણ કરે છે. પ્રત્યેક સમાજ જે કંઈ પ્રવૃત્તિ કરે છે તે તેની સંસ્થાઓ દ્વારા જ શક્ય બને છે. વર્તમાન સમયમાં યુવતીઓ ઉચ્ચ શિક્ષણ લેતી થઇ છે. તેના કારણે વિચારો, મનોવલણો, માન્યતાઓ વગેરેમાં પરિવર્તન આવેલું જોવા મળે છે. વર્તમાનમાં યુવતીઓમાં ઉચ્ચ અભ્યાસ કરવાની ઝંખના જાગી છે. તેથી તેઓ ઉચ્ચ અભ્યાસ માટે ગામડામાંથી શહેરમાં અભ્યાસ અર્થે જવા લાગી છે. પ્રાચીન સમયમાં લગ્ન અંગેના નિર્ણયો અને જીવનસાથીની પસંદગી વડીલો તથા માતા – પિતા દ્વારા કરવામાં આવતી હતી. તેમાં વડીલોના નિર્ણયને સર્વોચ્ચ માનવામાં આવતો હતો. પરંતુ આધુનિક સમયમાં આ પ્રથામાં પરિવર્તન આવેલું જોઈ શકાય છે. ઉચ્ચ શિક્ષણને કારણે યુવક – યુવતીઓ

એકબીજાના સંપર્કમાં આવવા લાગ્યા છે તેઓ પોતાના નિર્ણયો સ્વતંત્ર રીતે કરવા લાગી છે. પરિણામે માતા – પિતા પણ સંતાનોની પસંદગીને પ્રાધાન્ય આપવા લાગ્યા છે.

વર્તમાન સમયમાં લગ્ન સંસ્થામાં આમૂલ પરિવર્તન આવેલું જોવા મળે છે. સ્ત્રી શિક્ષણને લીધે જીવનસાથીની પસંદગી અંગેના ખ્યાલો બદલાયા છે. તેઓ સ્વ પસંદગીના લગ્નને પ્રાધાન્ય આપવા લાગી છે. માતા – પિતા પણ ઉચ્ચ શિક્ષિત યુવતીના જીવનસાથી પસંદગીના વિચારોને લક્ષમાં લેતા થયા છે. પુરૂષ સમકક્ષ વ્યવસાયમાં પણ સ્ત્રીઓનું પ્રમાણ વધુ જોવા મળે છે. માતા–પિતાનું નિયંત્રણ ઓછું થયું છે. તેમાં યુવતીના લગ્નના નિર્ણયની અગત્યતા સ્વીકારતા થયા છે. યુવક – યુવતી બંને પસંદ હોય તો જ લગ્ન કરાવવા તૈયાર થાય છે. પરિવર્તિત સમાજની તરાહના સમયે આ પ્રકારનું સંશોધન એક નવા વિચારની દિશા પૂરી પાડે છે. વર્તમાન સમયમાં કોર્ટ મેરેજ, આંતર ધર્મીય લગ્ન, આંતરજ્ઞાતિ લગ્ન, લીવ ઈન રીલેશનશીપ જેવા સબંધો અસ્તિત્વ ધરાવે છે. યુવતીઓમાં જીવનસાથી પસંદગીનું ક્ષેત્ર વિસ્તૃત બનતું જાય છે.

[1]"જહોન્સન સમાજશાસ્ત્રની વ્યાખ્યા આપતા લખે છે કે "સમાજશાસ્ત્ર સામાજિક જૂથોનો અભ્યાસ કરે છે. આવા જૂથોના આંતરિક સંગઠનના સ્વરૂપો, તેને ટકાવી રાખતી તથા તેમાં પરિવર્તન લાવતી પ્રક્રિયાઓ અને જૂથો વચ્ચેના પારસ્પરિક સંબંધોનો અભ્યાસ કરે છે."

પરંપરાગત સમય કરતા વર્તમાન સમયમાં સ્ત્રીઓની પરિસ્થિતિમાં બદલાવ આવેલો જોવા મળે છે. સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ મેળવતી થઇ છે. પરિણામે તેઓ પણ પોતાને સમકક્ષ હોય તેવા વ્યક્તિને જીવનસાથી તરીકે પસંદ કરે છે. પરિણામે માતા–પિતા પણ યુવતીની પસંદ–નાંપસંદને ધ્યાનમાં રાખતા થયા છે. કેટલીક વખત

---

[1] **સમાજશાસ્ત્રીય પરિચય, જ્હોનસન્સ**

યુવતીઓને ઉચ્ચ શિક્ષણના કારણે પોતાના સમાજમાં યોગ્ય જીવનસાથી ન મળતા હોવાના પ્રશ્નો પણ ઉદ્દભવે છે. જેથી કોઈકવાર તેને અપરણિત રહેવાની સ્થિતિ ઉદ્દભવે છે. પરિણામે સમાજમાં લગ્ન વ્યવસ્થાના અસ્તિત્વ સામે પ્રશ્નાર્થ ઊભો થાય છે. તેથી ઉચ્ચ શિક્ષણ યુવતીઓમાં જીવનસાથી અંગેના બદલાયેલા ખ્યાલો (વિચારો) જાણવા માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસક્ષેત્ર તરીકે આણંદ જીલ્લો પસંદ કરવામાં આવેલ છે. જેમાં ઉચ્ચ શિક્ષિત યુવતીઓમાં જીવનસાથીની પસંદગી અંગેના બદલાતા ખ્યાલો – એક સમાજશાસ્ત્રીય અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં લોટરી પદ્ધતિ દ્વારા આર્ટ્સ, કોમર્સ, સાયન્સ અને વ્યવસાયિક શિક્ષણ મેળવતી કુલ ૨૫ – ૨૫ યુવતીઓને ઉત્તરદાતા તરીકે પસંદ કરવામાં આગવાં છે. જેમાં આર્ટ્સ શાખામાંથી ૨૫, કોમર્સ માંથી ૨૫, સાયન્સ શાખામાંથી ૨૫, અને વ્યવસાયિક શાખામાંથી ૨૫ એમ કુલ મળીને ૧૦૦ ઉત્તરાદાતાને પસંદ કરવામાં આવ્યા છે.

પૃથ્થકરણમાં સરળતા રહે તથા પ્રતિનિધિપૂર્ણ નિદર્શન કદ જાળવી શકાય તે હેતુથી ૧૦૦ ઉત્તરદાતાઓની પસંદગી કરી મુલાકાત અનુસૂચિ દ્વારા સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણની શરૂઆતમાં મુલાકાત અનુસૂચિની રચના કરી તેની વ્યવહારિક તપાસ માટે ૫ ઉચ્ચ શિક્ષિત યુવતીઓની મુલાકાત અનુસૂચી દ્વારા માહિતી મેળવવામાં આવી છે અને આ પાયલોટ રિસર્ચના આધારે તેમાં યોગ્ય સુધારા વધારા કરી અંતિમ મુલાકાત અનુસૂચિની રચના કરવામાં આવી હતી.

પ્રસ્તુત અભ્યાસ કેટલીક ઉત્કલ્પનાને આધારે નક્કી કરવામાં આવ્યો છે, જેમાં

- જીવનસાથીની પસંદગીમાં જ્ઞાતિના નિયમોને ધ્યાનમાં રાખવાના હશે.
- જીવનસાથી પસંદગીમાં વ્યવસાયને અગ્રીમતા અપાતી હશે.

- જીવનસાથી પસંદગીમાં સામાજિક કૌટુંબિક પરિબળો જવાબદાર હોઈ શકે.

આમ, વિવિધ ઉત્કલ્પના ઘડીને અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે હતા.

- ઉત્તરાદાતાની સામાજિક – આર્થિક પાર્શ્વભૂમિકા તપાસવા.
- ઉચ્ચ શિક્ષણને કારણે આવેલ જીવનસાથીના પરિવર્તિત ખ્યાલો તપાસવા.
- ઉત્તરાદાતાની અપેક્ષિત મહત્વકાંક્ષાઓ તપાસવી.

ઉપરોક્ત સંશોધનના તારણો નીચે પ્રમાણે છે.

- પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતાના ધર્મ અંગેની માહિતી મેળવવામાં આવી છે. જેમાં ૯૧ ઉત્તરદાતાઓ હિંદુ ધર્મના છે. ૫ ઉત્તરદાતાઓ ખ્રિસ્તી ધર્મના છે અને ૪ ઉત્તરદાતાઓ મુસ્લિમ ધર્મના જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં હિન્દુ ધર્મના ઉત્તરદાતાઓનું પ્રમાણ વધુ જોવા મળે છે.

જ્ઞાતિઓ બંધ પ્રકારની સમાજવ્યવસ્થા છે. જ્ઞાતિએ અંતર્વિવાહી જૂથ છે. જ્ઞાતિ એ જીવનસાથીની મુક્ત પસંદગી પર નિયંત્રણ મૂકે છે. તેથી પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરાદાતાની જ્ઞાતિ તપાસવામાં આવી છે.

- ૪૬ ઉત્તરદાતાઓ જનરલ (ઓપન) કેટેગરીના છે.
- ૨૧ ઉત્તરદાતાઓ એસ.ટી છે.
- ૧૯ ઉત્તરદાતાઓ એસ.સી છે.
- ૧૪ ઉત્તરદાતાઓ ઓ.બી.સી. છે.

ઉચ્ચ જ્ઞાતિમાં પહેલેથી જ વિકાસની તકો વધુ પ્રાપ્ત થયેલ હોય છે. પરંતુ જ્ઞાતિના બંધનો વધારે જડત્વથી નિભાવવામાં આવે છે. જ્યારે અન્ય જ્ઞાતિમાં હજી વિકાસની રાહ પર પગરણ માંડી રહ્યા છે. દરેક જ્ઞાતિને પોતાના લગ્ન અંગેના કાયદા – કાનૂન હોય છે. આ સંજોગોમાં ચારેય જ્ઞાતિમાં પરિવર્તનની રીત જોઈ શકાય છે.

- પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરાદાતાની ઉંમર અંગે માહિતી મેળવવામાં આવી છે. જેમાં ૨૧ થી ૨૪ વર્ષની વયજૂથ ધરાવતા ઉત્તરદાતાનું પ્રમાણ ૭૭ છે. ૨૫ થી ૨૮ વર્ષની વયજૂથ ધરાવતા ઉત્તરદાતા ૨૩ છે. આ ઉંમરનો એવો સમયગાળો છે જેમાં એક તરફ અભ્યાસ ચાલુ હોય છે. અથવા અહી વ્યવસાય મેળવવા માટે સંઘર્ષ કરતી હોય છે. અહી યુવતી એ તબક્કામાં હોય છે. જ્યાં તેને પોતાની જાત અંગેનો ચોક્કસ ખ્યાલ વિકસતો જાય છે. તેથી અહીં ઉંમરને કેન્દ્રમાં રાખવામાં આવી છે.
- પ્રસ્તુત સંશોધનમાં યુવતીની લગ્નની ઈચ્છિત ઉંમર વિશે માહિતી મેળવવામાં આવી છે. જેમાં ૮૨ ઉત્તરદાતાઓ ૨૫ થી ૨૮ વર્ષની ઉંમરે લગ્ન કરવા ઉચ્છે છે. ૯ ઉત્તરદાતા ૨૯ થી ૩૨ વર્ષની ઉંમરે લગ્ન કરવા ઈચ્છે છે. ૬ ઉત્તરદાતા ૨૧ થી ૨૪ વર્ષે લગ્ન કરવા ઈચ્છે છે જ્યારે ૩ ઉત્તરદાતા ૩૩ થી વધુ વર્ષે લગ્ન કરવા માંગે છે. ૨૫ થી ૨૮ વર્ષની ઉંમર એટલે પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વ્યવસાયમાં જોડાયાં બાદ જ લગ્ન કરવાનું વિચારે છે. અહીં કહી શકાય કે યુવા પેઢી ઉચ્ચ શિક્ષણ અને વ્યવસાયને વધુ મહત્વ આપે છે. તે સંપૂર્ણ ડિગ્રીધારી શિક્ષણ મેળવ્યા બાદ લગ્ન કરવાનું વિચારે છે.
- પ્રસ્તુત સંશોધનમાં જીવનસાથીની પસંદગી કોણ કરશે તે અંગેની માહિતી લેવામાં આવી છે. જેમાં ૫૭ ઉત્તરદાતા જણાવે છે કે તેમના જીવન સાથીની પસંદગી માતા – પિતા દ્વારા કરવામાં આવશે. ૩૫ ઉત્તરદાતા પોતે જ પસંદ કરશે તેવું જણાવે છે. ૬ ઉત્તરદાતા જણાવે છે કે પસંદગી પોતે કરશે પરંતુ વડીલોની મંજૂરી મેળવશે.

અહીં, આજે પણ જીવનસાથીની પસંદગીમાં પોતાની ઈચ્છાની સ્વિકૃતિને પ્રાધાન્ય મળે તેવું આજની યુવતીઓ ઈચ્છે છે. અહી જોઈ શકાય કે આવનારા સમયમાં માતા – પિતાની ભૂમિકા ઓછી બનતી જશે જે પરિવર્તન તરફ નિર્દેશ કરે છે.

- પ્રસ્તુત સંશોધનમાં જીવનસાથીની પસંદગી કેવા કુટુંબમાંથી કરશે તે અંગે માહિતી મેળવવામાં આવી છે. જેમાં ૭૯ ઉત્તરદાતા સંયુક્ત કુટુંબમાંથી પસંદ કરશે અને ૨૧ ઉત્તરદાતા વિભક્ત કુટુંબમાંથી જીવનસાથી પસંદ કરશે તેવું જણાવે છે. જેથી અહી કહી શકાય કે કુટુંબ સંસ્થા વર્તમાન સમયમાં પણ તેટલું મહત્વ ધરાવે છે. જેટલું પ્રાચીન સમયમાં ધરાવતી હતી. અહીં સ્વકેન્દ્રીતતાનું પ્રમાણે વધ્યું છે.
- પ્રસ્તુત સંશોધનમાં ૭૫ ઉત્તરદાતા વિદેશી યુવકને જીવનસાથીને પસંદ કરતા નથી. તેઓ માને છે કે વિદેશી યુવક વિશ્વાસપાત્ર હોતા નથી. ચારિત્ર્યહીન હોય છે. વ્યસન કરતા હોય છે. માતા – પિતાને પસંદ નથી જેવા વગેરે કારણ આપે છે જ્યારે ૨૫ ઉત્તરદાતા વિદેશી યુવકને જીવનસાથી તરીકે પસંદ કરે છે.

અહી, જોઈ શકાય કે ભારતની યુવતીઓ વિદેશી યુવક સાથે લગ્ન કરવામાં ડર અનુભવે છે. કારણ કે તેમના પર વડીલોનું નિયંત્રણ નહીવત હોય છે. અહી ભારતીય સંસ્કૃતિનાં મોલ્યો આત્મજ્ઞાન થયેલા જોવા મળે છે.

- પ્રસ્તુત સંશોધનમાં પોતાનાથી ઓછું શિક્ષણ લીધેલ હોય પરંતુ સરકારી નોકરી કરતી વ્યક્તિને જીવનસાથી તરીકે પસંદ કરવા અંગેનો અભિપ્રાય તપાસવામાં આવ્યો છે. જેમાં ૮૨ ઉત્તરદાતા સરકારી નોકરી કરતી વ્યક્તિને જીવનસાથી તરીકે પસંદ કરે છે. ૧૮ ઉત્તરદાતાઓના ઘરના સભ્યોને પસંદ છે તેથી તેઓ ઓછું શિક્ષણ લીધેલ વ્યક્તિને જીવનસાથી તરીકે પસંદ કરશે.

આમ, કહી શકાય કે વર્તમાન યુગમાં યુવક સારો હોય અને સરકારી નોકરી કરતો હોય તો તેની સાથે લગ્ન કરવામાં કંઈ વાંધો નથી તેવું જણાવે છે. પરંપરાગત સમયમાં આર્થિક બાબતો મહત્વની હતી અને વર્તમાન સમયમાં પણ આર્થિક બાબતો પ્રભાવશાળી રહે છે.

- પોતાના જીવનસાથી ભૂતકાળ જાણવા અંગેની માહિતી મેળવવામાં આવી છે. જેમાં ૬૦ ઉત્તરદાતાના પોતાના જીવનસાથીના ભૂતકાળ અંગે માહિતી જાણવા માગતા નથી. અને આના કારણમાં તેઓ જણાવે છે કે તેઓ ભવિષ્યમાં જીવવા માંગે છે. વર્તમાન પેઢીમાં આવેલા સમજદારી જોવા મળે છે. જ્યારે ૪૦ ઉત્તરદાતા જીવનસાથીનો ભૂતકાળ જાણવા માંગે છે જેથી ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉદ્દભવે નહિ. અહી જોઈ શકાય છે કે વર્તમાન સમયમાં યુવતીઓ અને યુવકો સહશિક્ષણ મેળવવા થાય છે. મિશ્ર શાળા, કોલેજોમાં અભ્યાસ કરે છે. પરંતુ મિત્રતા સમય જતા પ્રેમસંબંધમાં પરિવર્તિત થાય છે. પરંતુ સંજોગોવસાત તેમના લગ્ન થઇ શકતા નથી અને આ પ્રેમ શાળા કે કોલેજ પૂરતો માર્યાદિત રહે છે. તેથી આજની શિક્ષિત પેઢી સમજદારી તથા જીવન પ્રત્યે નવીન દ્રષ્ટિકોણને વ્યક્ત કરે છે.
- સાસરી પક્ષમાં તેમના પસંદગીયુક્ત દરજ્જા વિશે પણ માહિતી લેવામાં આવી છે. જેમાં મહતમ ૫૦ ઉત્તરદાતાઓ એક માત્ર પુત્રવધુ થવાનું ગમે છે. એક માત્ર પુત્ર હોવાથી મિલકત, ઘરમાં ભાગ થતો નથી અને તે આની માલિકી હક ભોગવી શકે. ૩૫ ઉત્તરદાતાને દેરાણીનો દરજ્જો જોઈએ છે કારણ માતા – પિતાની મિલકતમાં ભાગ પાડતી વખતે નાના પુત્રને વધુ હિસ્સો પ્રાપ્ત થાય છે. જ્યારે ૧૫ ઉત્તરદાતાઓએ આ અંગે કોઈ માહિતી આપી નથી. આમ, વર્તમાનમાં એક જ સંતાનનું મુલ્ય સ્વીકારવામાં આવે છે જે પ્રભાવી છે. એક જ સંતાન હોય તો પોતે જ તમામ મિલકતના માલિક બને તેવો ખ્યાલ તાદ્દશ્ય થાય છે. અહીં વર્તમાન સમયમાં યુવતીઓનાં તાર્કિકતાના દર્શન થાય છે.
- જીવનસાથીની પસંદગી ૯૧ ઉત્તરદાતા જન્મકુંડળીમાં માનતા નથી. આ ઉત્તરદાતા જણાવે છે કે નસીબમાં જે લખાયેલું હોય તે થાય જ છે. કુંડળી મેળવ્યા પછી પણ કુટુંબમાં છૂટા છેડા જેવી પરિસ્થિતિ સર્જાય છે. તેથી કુંડળીના મેળાપ કરતા વ્યક્તિનો સ્વભાવ, શિક્ષણ, થેલેસેમિયા ટેસ્ટ જેવી બાબતોને વધુ

પ્રાધાન્ય આપે છે. અહીં યુવતીઓમાં આધુનિક વિચારસરણીનો પ્રભાવ જોવા મળે છે.

- પ્રસ્તુત સંશોધનમાં ૭૮ ઉત્તરદાતા સાસરી પક્ષના વિસ્તાર તરીકે શહેરી વિસ્તારને અગ્રતા આપે છે. શહેરી વિસ્તારમાં લગ્ન કરવા માટેના કારણોમાં તેઓ જણાવે છે કે શહેરી વિસ્તારના યુવકો વધુ આધુનિક, જીવનસાથી સાથે અનુકૂલન સંધિ શકે, મોર્ડન વિચારસરણી ધરાવતા હોય છે. જ્યારે ૨૨ ઉત્તરદાતા ગ્રામીણ વિસ્તારમાં પસંદગી આપે છે. જેના કારણોમાં પ્રાકૃતિક વાતાવરણ, સ્વચ્છ હવામાન હોવાને કારણે ગ્રામીણ વિસ્તારમાં સાસરીપક્ષ હોય તેવું ઈચ્છે છે. અહી ગ્રામીણ સંસ્કૃતિનું ગ્રામીણ સંસ્કૃતિ તરફ વિમુખતા દર્શન થાય છે.
- જીવનસાથીની ગૃહકાર્યમાં મદદરૂપ ભૂમિકા અંગેની માહિતીમાં ૩૮ ઉત્તરદાતા જીવનસાથી ગૃહકાર્યમાં મદદ કરે તેવું ઈચ્છે છે. કેમ કે તેનાથી જીવનસાથીને પસંદ – નાપસંદ જાની શકાય છે. જ્યારે ૬૨ ઉત્તરાદાતાની બંને વ્યવસાય કરતા હોવાથી ગૃહકાર્યમાં મદદ રૂપ બને છે. અહી જોઈ શકાય કે વર્તમાન સમયમાં સ્ત્રી – પુરુષ બંને નોકરી કરતા હોવાથી સમાનતાવાદી વલણ જોવા મળે છે. અહીં પરંપરાગત મૂલ્યોમાં પરિવર્તન આવેલું જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરાદાતાને ગમતી બાબત અંગે જીવનસાથીના વિરોધ સામે ઉત્તરદાતાની પ્રતિક્રિયા શું હશે તે અંગે માહિતી મેળવવામાં આવી છે. જેમાં ૫૩ ઉત્તરદાતા જીવનસાથી વિરોધ કરશે તો તેમને સમજાવાનો પ્રયાસ કરશે અહી જોવા મળે છે કે ઉત્તરદાતા એ જીવનસાથીને ગમતી બાબતને મહત્વ આપશે. કારણે વર્તમાન સમયમાં પણ સ્ત્રી પોતાની ઈચ્છા મુજબ નિર્ણય લઇ શકતી નથી. અહી પરંપરાગત મૂલ્યો દ્રશ્યમાન થાય છે.

સંશોધનના અંતે તારણ રૂપે કેટલાક મહત્વના મુદ્દાઓ જોવા મળ્યા છે જેવા કે...........

- યુવતીઓ જીવનસાથી તરીકે યુવકોમાં સુંદરતાને બદલે વ્યવસાયિક કે આર્થિક બાબતોને વધુ અગ્રેસર ગણે છે. એટલે કે સ્ત્રી પુરૂષ પાસે આર્થિક સલામતી વધુ ઈચ્છે છે. પરિણામે સરકારી નોકરી કરતા યુવક હોય તો જ્ઞાન અને ઉંમર બંને ચલાવી લેવામાં આવે છે.
- યુવતીઓ શહેરી વિસ્તારમાંજ સાસરી હોય તેવું ઈચ્છે છે. કેમ કે તેઓ જન્મથી જ શહેરમાં રહેતી હોય છે અને શહેરી વાતાવરણથી ટેવાયેલી હોય છે. અને ગ્રામીણ વિસ્તારમાં રહેતી યુવતીને જીવનસાથી મેળવવામાં મુશ્કેલી પડે છે. ગ્રામીણ યુવતી ઉચ્ચ લાયકાત ધરાવતી હોવા છતાં તેના લગ્નમાં અનેક પ્રશ્નો ઉદ્દભવે છે.
- સ્વદેશમાં રહેવાની ઈચ્છાને કારણે વિદેશી યુવકને યુવતીઓ પસંદ કરતી નથી. અહી આપણે જોવા મળે છે કે વિદેશી યુવક એ વિશ્વાસપાત્ર હોતા નથી. ઘમંડી વગેરે બાબત મહત્વની બને છે.
- યુવતીઓ યુવક પાસે બેંક બેલેન્સ, કાર, મકાનની ઈચ્છા ધરાવતી થઇ છે. યુવતીઓની અપેક્ષા વધી છે. જેમાં લગ્ન કરતી વખતે યુવક પાસે તેનું પોતાનું ઘર, વ્યવસાય, મિલકત હોવી જોઈએ તેવી અપેક્ષા જોવા મળે છે. યુવક એ આર્થિક રીતે પગભર હોય તેવું ઈચ્છે છે.
- લગ્નબાદ પોતે જીવનસાથી ગૃહકાર્યમાં મદદરૂપ બને તેવું ઈચ્છે છે. અહીં પતિ – પત્નીનાં સંબંધમાં પરિવર્તન આવેલું જોવા મળે છે. પતિ – પત્નીનાં સંબંધોમાં એ મિત્રભાવ જોવા મેળે છે.
- લગ્ન બાદ સંયુક્ત કુટુંબમાં રહેવાનું ઈચ્છતી નથી તે લગ્ન બાદ ટૂંક સમયમાં જ વિભક્ત કુટુંબમાં રહેવા ઈચ્છે છે. કૌટુંબિક સભ્યોમાં નણંદ અને દિયર હોય તે પસંદ નથી.
- વર્તમાન સમયમાં જીવનસાથી પસંદગી અંગેના માપદંડોમાં પરિવર્તન આવ્યું છે. જેમાં શિક્ષણ, આવડત અને કાર્ય કુશળતાને પ્રાધાન્ય આપે છે.

- ઉચ્ચ શિક્ષણ મેળવીને સ્ત્રીઓ ઉચ્ચ વ્યવસાયમાં જોડાય છે. જેના લીધે આત્મનિર્ભર અને આર્થિક રીતે પગભર બની છે. પરિણામે સ્ત્રી પોતાને અનુરૂપ શિક્ષણ મેળવેલ હોય તેવા વ્યક્તિને જીવનસાથી તરીકે પસંદ કરવાનું વલણ ધરાવતી થઇ છે.

ટૂંકમાં એવું કહી શકાય આજની ઉચ્ચ શિક્ષિત યુવતીઓ પોતાના જીવનસાથી પાસેથી શૈક્ષણિક લાયકાત, વ્યવસાયિક ભૂમિકા, અને પ્રેમાળ સ્વભાવ ઈચ્છે છે. જે આર્થિક રીતે સદ્ધર હોય તેવા યુવકને જીવનસાથી તરીકે ઈચ્છે છે.

આમ, વર્તમાન સમયમાં સ્ત્રી પુરૂષ બંનેના મૂલ્યોમાં પરિવર્તન આવેલું જોવા મળે છે. વર્તમાન સમયમાં સ્વપસંદગીના લગ્નને મહત્વ આપવામાં આવે છે. અહીં પસંદગીના માપદંડો બદલાયેલા જોવા મળે છે. જેમાં યુવતીને પોતાની ઈચ્છા મુજબ અથવા મનપસંદ જીવનસાથી ન મળતા લગ્ન કરવાનું વિચારે છે જેથી લગ્નવયમાં વધારો થયો છે અને કેટલીક વખત યુવતી અપરણિત રહેવાનું વિચારે છે. પોતે સ્વતંત્ર જીવન જીવતી થેઈ છે.

**સંદર્ભ સૂચિ :**


- ડૉ. તારાબેન પટેલ – ભારતીય સમાજ વ્યવસ્થા, ૧૯૬૧.
- ડૉ. ઈલા મેકવાન – ભારતમાં સ્ત્રીઓ – બદલાતો પ્રવાહ
- પ્રો.એ.જી.શાહ, પ્રો.જે.કે. દવે – સ્ત્રીઓ અને સમાજ
- ડૉ. નીરા દેસાઈ – ભારતીય સમાજમાં સ્ત્રી, ૧૯૬૭
- ડૉ. નીરા દેસાઈ, ભારતમાં સ્ત્રીનો પલટાતો દરજ્જો.
- Nanda B.R – Indian Women : From Purdah to Modernity, 1976.